# રાજુલામાં જોષી પરિવાર આયોજિત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ





રાજુલા શહેરમાં જોષી પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન થતા પોથી યાત્રા સાથે પ્રારંભ થયો હતો. ભવ્ય પોથીયાત્રામાં વિશાળ સંખ્યામાં પરિવારજનો તથા ધાર્મિક જનતા જોડાઈ તે પ્રસંગની તસવીરમાં નજરે પડે છે. (તસવીર- જયદેવ વરૂ- રાજુલા)

# રાજુલમાં દર્દીઓને ધાબળા વિતરણ કરાયા



જનરલ હોસ્પિટલ ખાતે સ્ત્રીવ્યંધીકરણ ઓપરેશન કેસ લાભાર્થીને આદિત્ય બીરલા સિમેન્ટ કંપની કોવાયા દ્વારા ધાબળા વિતરણ કાર્યક્રમમાં શ્રી ડો.જે.એચ.પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અમરેલી ડો.ક્ષમાબેન વ્યાસ, અધિક્ષકશ્રી રાજુલા, ડો.ડી.ડી.ગોહિલ, તાલુકા હેલ્થ ઓફિસર શ્રી રાજુલા તેમજ રોહીણીબેન ગાંધી, બીપીનભાઈ પંડયા, સુર્યાબેન દવે જોડાયેલ.

# બગસરા શરાફી સહકારી મંડળી દ્વારા બાજપાઈ વિમા નિધીની રકમ ચુકવાઈ



શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.નાં સભાસદ સ્વ.કાનવનભાઈ રતનવનભાઈ ગૌસ્વામીનું અવસન થતા તેમના પાલનહારશ્રી ચેતનભાઈ ચંદુભાઈ દેવલુકને મંડળી તરફથી બાજપાઈ સભાસદ વિમા નીધીની રકમ રૂા.૨૫૦૦૦/-નો ચેક અર્પણ કરવામાં આવેલ. આ વેળાએ મંડળીના એમ.ડી.નિતેષભાઈ ડોડીઆ, ડીરેકટરશ્રી હરિભાઈ ભટ્ટી, જનરલ સેક્રેટરી શ્રી ડી.જી.મહેતા, તેમજ સ્ટાફ ગણ સહિતનાં સર્વે હાજર રહેલા છે તે વેળાની તસવીરમાં નજરે પડે છે.

# ગામા પીપળીયામાં અને પીરખીજડીયામાં સ્નેહમિલન મળ્યું



અમરેલી, રાષ્ટ્રીય દલિત મહા સંઘનું ગમા પીપળીયા ગામે અને પીર ખીજડીયા ગામે નવા વર્ષનું સ્નેહ મિલન અને કારોબારી બેઠક અમરેલી જીલ્લાના પ્રમુખશ્રી હીરાભાઈ કે. પડાયાના અધ્યક્ષસથાને અને જીલ્લાના ઉપપ્રમુખશ્રી ગેલભાઈ બથવાર લીલીયા તાલુકાના પ્રમુખ બાવચંદભાઈ રાઠોડ અને જીલ્લાના મંત્રીશ્રી કાવળુભાઈ જાદવ , કાનજીભાઈ દાફડાની ખાસ ઉપસ્થિતીમાં મળી ગયેલ છે. જેમાં પ્રથમ ડો. બાબાસાહેબ આંબેડકરની તસ્વીરને ફુલહાર કરી સ્વાગત પ્રવચન કરી સૌ હાજર બાબરા તાલુકાના આગેવાનોને આવકારી પુષ્પગુચ્છથી સ્વાગત કરી નવા વર્ષની શુભકામના પાઠવેલ તેમાં ખાસ હીરાભાઈ પડાયાએ જણાવેલ કે સમાજનું સંગઠન કરવાનું ચકામ મારે અને તમારે કરવાનું છે ડો. બાબા શ્રી આંબેડકરના ત્રણ સુત્રોને સાકાર કરવા સૌનું ધ્યાન ખેચતા જણાવેલ કે શિક્ષિત બનો પણ આપણે જોઈ એ એ રીતે સમાજ શિક્ષણ મેળવી શકેલ નથી તે માટે તમામ યુવાન પેઢીને શિક્ષણ મેળવી લેવા જણાવી કહેલ કે ત્યાર બાદ બાબા શ્રી સંગઠીત થવાની વાત કરી છે. પરંતુ સંગઠન બાબતમાં આપણે બહુ કાચા છીએ તમામ જ્ઞાતિનું સુગઠન થયુ છે. આપણે માત્ર રાજકીય પાર્ટીઓના આથા બનીને કામ કરતા લોકોને ઓળખો લેવા તથા રાત દિવસ સમાજની પડખે રહેનારને આગળ રાખી સમાજના આગેવાનોને મોટા બનાવો અમુક શ્રવણોની ચાળ પકડવાનું બંધ કરો તો જ સાચી દિશામાં સંગઠન થઈ શકશે ચુંટણી સમયે લોભ લાલ માં આવવું જોઈએ નહી અને રાષ્ટ્રીય દલિત મહાસંઘ નકકી કરે તે દિશામાં સૌએ કદમ મિલાવી સંયઠન મજબુત બનાવવાથી ડો. બાબ શ્રી બંધારણમાં આપેલ લાભો કોઈપણની સરકાર હશે તો પણ આપણે લાભો થી વંચીત નહી રહીએ તેની હું ખાત્રી આપું છું .આપણો સમાજ હજુ પણ આ રાષ્ટ્રીય દલિત મહા સંઘનું સંગઠન મજબુત બનાવશે. આ સંગઠનને તોડવા વાળા અને અમુક શ્રવણોની પગચનપી અને ચાપલુશી કરવાવાળાઓ ટો નથી તેને હવે સાચી રીતે દલિત સમાજ ઓળખી ગછે . અમુક શ્રવણોમાં પણ ઘણા એવા નેતા છે છેલ્લા ૬૫ વર્ષથી દલિતનું સંગઠન નહી થવા દેવાના પેતરાઓ દલિત સમાજના હૈયા ફુટલા કાર્યકરોને શીકાર બનાવી પોતાના રાજકીય રોટલા શેકવા નિકળી પડેલાને પણ સારી રીતે દલિત સમાજે ઓળખી લેવા હાજર સૌ દલિતોને આહવાન કરી જણાવેલ કે અમો દલિત સમાજનું સંગઠન કરવા પ્રતિજ્ઞા લીધી છે.તેમાં કોઈપણ સમરબંધી સામે આ સંગઠ કાયદાકીય , લાલજીભાઈ સોલંકી, જીતુભાઈ મણવર, વગેરે આગેવાનોની આગેવાનીમાં ડો. બાબા શ્રી આંબેડકરના રથને પાછો પડવા નહી દેવા હાજર સૌ દલિતોને અપીલ કરેલ ઉપપ્રમુખ ગેલાભાઈ બથવારે જણાવેલ કે આ જે. આ બન્ને ગામોમાં લોકોનો ઉત્સાહ અને ગામે ગામ ડો. બાબા શ્રી આંબેડકર ની પ્રતિમાં ઉભી કરવા નું કામ પણ મારે ને તમારે કરવું પડશે. તેને લઈને સાચી દિશામાં સંગઠન સંગઠન કરવાની પ્રેરણા ડપ,બાબા સાહેબ આંબેડકર આપશે.અમુક શ્રરણની નિતિ હંમેશા એવી રહી છે કે દલિત સમાજમાં આવીને તેના પહસાના જોરે સન્માન મેળવવું અને તેદનું સમાજમાં કાઈપણ ઉપજતું ન હોય તેવા ઘણા શ્રરણ આગેવાનો દલિતોને ભોળવી પોતાનો રાજકીય એજન્ડા પાર પાડવા સમાજના અમુક આગેવાનોનો સાથ લઈ ગેરમાર્ગ દોરી પોતાની રાજકીય ખીચડી પકવવા માટે દલિત સમાજમાં ભાગલા પાડો અને રાજ કરો તેવી નિતિ અખત્યાર કરનારને આગામી ચુંટણીમાં પાઠ ભણાવવામાં પણ દલિત સમાજ પાછી પાની નહી કરે તે માટે દલિતોને ખાસ વિનંતી છે કે આ સંગઠનમાં આમરે સારા લોકોની જરૂર છે જે રાજકીય પાટીમાં કામ કરતા હો ત્યા કરો અમારે કોઈ જાતનો વાંધો નથી પણ જયારે દલિત સમાજની વાત આવે ત્યારે સૌએ એક અવાજે સંગઠીત થઈ જવાં અને સાચા અને સારા લોકોની પડખે રહી ડો. બાબા શ્રી આંબેડકર નું સંગઠન બનાવવાનું સપનું પુરૂ કરી હક ન મળે તો સૌએ ભેગા મળી સંઘર્ષ કરવાનું કદમ ઉઠાવવા સૌએ સંગઠન મજચુત બનાવવાના કામે આજથી જલાગી જવા આહવાન કરેલ.આ કાર્યક્રમને સફળ બનાવવા ગામ ગમાપીપળીયા ગામના આગેવાનોમાં પ્રવિણભાઈ રાઠોડ, ગોરધનભાઈ ધાધલ , કાનજીભાઈ દાફડા, માઘડ હરેશ બી. માઘડ મનુભાઈ બી. હીરાભાઈ રાઠોડ, સોમાભાઈ ચાવડા, અશોકભાઈ રાઠોડ, વગેરેએ ભારે જહેમત ઉઠવેલ તેમ એક અખબાર યાદીમાં રાષ્ટ્રીય દલિત મહા સંઘ અમરેલી ના મંત્રીશ્રી કાળુભાઈ જાદવે જણાવેલ છે.

# મોટા ભમોદરાનાં સેવાભાવી રામશંકરદાદા રાજગોરનું નિધન

## ૮૨ વર્ષે અંતિમ શ્વાસ લીધા : ઘેરો શોક

અમરેલી,મોટા ભમોદરા (ભોજબાપુ ખુમાણનાં ગામે) રામશંકરદાદા શિવરામદાદા રાજગોરે ૮૨ વર્ષની ઉંમરે વિદાય લીધી છે. તેઓ સુરામબાપુની જગ્યાના વફાદાર હતા ૨૫ વર્ષ સુધી મંડળીમાં પટ્ટાવાળા તરીકે ફરજ બજાવી છે તેમની અંતિમ યાત્રામાં દરબારગઢનાં સભ્યો ડો.પ્રકાશભાઈ, વિરકુભાઈ, ગૌતમભાઈ, નરેશભાઈ, ભુપતભાઈ ઢોલરીયા દરબાર વનરાજબાપુ, રામદેવબાપુ વગેરેએ પ્રાર્થના કરી હતી તેમ જયસુખભાઈ મહેતાએ જણાવ્યું છે.

# સાવરકુંડલાનાં મોટા ભમોદરામાં મુસ્લિમ યુવાનની અનોખી ગૌભક્તિ અને સેવા

## ગ્રામજનોએ મુસ્લિમ યુવાનને બિરદાવ્યો

અમરેલી, સાવરકુંડલાના મોટા ભમોદરા (ભોજબાપુ ખુમાણ)ના ગામે મુસ્લિમ યુવાન દીલાભાઈ નનુભાઈ સિપાઈ છેલ્લ ૨ વર્ષથી સેવારત છે. તબિયત ખરાબ રહેતા ડોકટર પાસે દવા લીધી અને ગાયનું દૂધ શરૂ કર્યુ હવે ૮ માસથી તબિયત સારી થઈ ગઈ છે સેવાભાવી દરબારશ્રી વનરાજબાપુ પાસે પ્રતિજ્ઞા લીધી કે જિંદગીભર ગાયનું દૂધ લઈશ, આ રીતે ભાજપ અગ્રણી કેશુભાઈ વિંછીયા, ગોરધનભાઈ, ભુપતભાઈ વગેરેએ યુવાનને બિરદાવેલ છે તેમ નાથાભાઈ પટેલે જણાવ્યું છે.


નવનીતલાલ એન્ડ કું વાળા

**અમદાવાદનાં ગાંધી પરિવારમાં નવદંપતિ સત્કાર સમારોહ**

**ચિ.દેવાંગ ચિ.ખેવના**

અમદાવાદનાં મનોજભાઈ રમણલાલ ગાંધી પરિવારમાં ચિ.દેવાંગનાં શુભલગ્ન ચિ.ખેવના સાથે યોજાતા તા.૨-૧૨-૧૪ મંગળવારે કર્ણાવતી કલબ લોન ખાતે સત્કાર સમારોહ યોજાશે.


# વડિયા શહેરમાં સમસ્ત કોળી ઠાકોર સમાજના પ્રથમ સમૂહલગ્નના આયોજન અંગે બેઠક મળી

## કોળી ઠાકોર સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં વિચાર વિમર્શ

વડિયા, વડિયા શહેરમાં પૂ. વેલનાથબાપાના મંદિરે કુંકાવાવ વડિયા તાલુકાના સમસ્ત કોળી ઠાકોર સમાજના આગેવાનો તથા કુંકાવાવ વડિયા વિસ્તારના વેલનાથ ગૃપના યુવાનોની બેઠક મળેલ આગામી તા. ૧૫-૨-૨૦૧૫ નારોજ પ્રથમ સમૂહલગ્નને સફળ બનાવવા તમામ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહેલ તેમાં વિવિધ વિસ્તારનાં યુવક મંડળની રચના, સંગઠન મજબુત બનાવવા રેમજ વિવિધ સામાજિક પ્રશ્નો અને સર્વાંગી વિકાસના મુદાઓની ચર્ચા કરવામાં આવેલ તેમાં તાલુકા તેમજ ગ્રામ્ય વિસતારના વડિલો, સમાજના હોદેદારો, જ્ઞાતીના આગેવાનો તેમજ યુવા મિત્રો, વિશાળ સંખ્યામાં હાજર રહેલ. અને સમૂહલગ્નને સફળ બનાવવા જુદાજુદા વિસ્તારના યુવક મંડળોની કમિટિઓ બનાવી લગ્ન સેવામાં જવાબદારી સોંપવામાં આવેલ તેમજ તાજેતરમાં શ્રી સંજયભાઈ ધામેચા વડિયા શહેર અને ગ્રામ્ય વિસ્તારના ઠાકોર સેનાના પ્રમુખ તરીકે વરણી થતા અભિનંદન પાઠવવામાં આવેલ. આ આયોજન અને બેઠકને સફળ બનાવવા આગેવાનો શ્રી વલ્લભભાઈ ઈટોલીયા, રાજુભાઈ બદાણીયા ઉપસરપંચશ્રી રવજીભાઈ અધેરા, તથા સંજયભાઈ ધામેચા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ અને આ આયોજનને સફળ બનાવવા સમાજ તથા સમગ્ર ગામલોકોનો સહકાર મેળવવા અપીલ કરવામાં આવેલ.

# રાજુલાનાં સવિતાનગરમાં જાહેરહિતની જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ કરી લીધુ

## કલેકટરને પત્ર પાઠવી રજુઆત કરાઈ

રાજુલા,

રાજુલામાં સવિતાનગરમાં જાહેર હિતની અંદાજે ૩ હજાર ચોરસવાર જમીનનો નવરાત્રી, રમત ગમતમાં વર્ષોથી ઉપયોગ થતો છતાં ૧ માસથી આ જગ્યામાં અમુક લોકોએ બાંધકામ કરી લીધી છે અને જગ્યા ઝુટવાઈ ગઈ છે આ પ્રશ્ને તત્કાલ ઉકેલ લાવવા પાર્થ ગૃપ રાજુલા અને આજુબાજુની ૯ સોસાયટીના રહીશોએ કલેકટરને રજુઆત કર્યાનું જણાવ્યું છે.

# રાજુલા ખાતે મહેતા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન



રાજુલા ખાતે મહેતા પરિવાર દ્વારા આસ્થાભેર શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું તે પ્રસંગે કથા વાંચ કરી રહેલા શાસ્ત્રીજી અને કથા શ્રવણ માટે ઉમટી પડેલ જનમેદની તથા મહેતા પરિવાર સહિત કથાનાં આયોજકો સેવાભાવીઓ તસવીરમાં નજરે પડે છે. (તસવીર-જયદેવ વરૂ- અહેવાલ કનુભાઈ વરૂ રાજુલા)

સત્યમેવ જયતે

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ

AVADH TIMES GROUP

પાના નં. ૮ અમરેલી તા.૨૦-૧૧-૨૦૧૪ ગુરુવાર



કેસર કેરીનો રસ





+ કૈલાશ ક્લીનીક +


અમારા વ્હાલા જવામર્દ પ્રમુખને

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



સ્વ. ભીખુભાઇ પોપટભાઇ માળવીયા (ડોન)

(ઉ.વ.૪૮) સ્વ. તા. ૨૦-૧૧-૧૨

(પ્રમુખશ્રી માળવીયા બચત ધીરાણ સ.મ.લી. - ચલાલા)

કોઇને દીલ તો કોઇને દીલદાર મળે, કોઇને ફુલ તો કોઇને ફુલહાર મળે કોઇને ખુશી તો કોઇને પ્યાર મળે, પણ અમને તો જન્મો જન્મ તમારા જેવા પ્રમુખ મળે, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિઃર શાંતી અર્પે એજ પ્રાર્થના..

**માલવીયા બચત ધીરાણ સહકારી મંડળી લી. - ચલાલા**

ધનજીભાઇ પ્રેમજીભાઇ રીબડીયા - પ્રમુખ

પ્રશાંત એસ.ત્રિવેદી - મંત્રી

-: બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ :-

શિવરાજભાઇ બી.વાળા - દિનેશભાઇ કે. ડોબરીયા

ડો. વિક્રમભાઇ એમ. ભરાડ - પ્રકાશભાઇ વી. કારીયા

પોપટભાઇ એન. પાનસુરીયા - રસીકભાઇ ડી. કાકડીયા

ઘનશ્યામભાઇ એચ. રબારી - કાંતિભાઇ બી. માલવીયા

કમલેશભાઇ વી. વિઠલાણી - રાજુભાઇ બી. વાળા (ટીંબલા)

પ્રદિપભાઇ યુ. પુરોહિત - મેઘજીભાઇ એમ. વાળા

રસીલાબેન બી.માલવીયા - શાંતાબેન આર. કાકડીયા

ભાવેશ એચ. દેવમુરારી (સહમંત્રી)




**આપના બજેટમાં પરવડે તેવી આધુનીક ડીઝાઇનમા ફર્નીચરનો અઢળક ખજાનો**



મજબુત અને ટકાઉ ફર્નીચરની અમારી ગેરંટી
સેટીપલંગ, કબાટ, ટીપોઇ, ખુરશી, ડ્રેસીંગટેબલ,
ડાઇનીંગ ટેબલ ઉપરાંત ઘણુ બધુ

ડેમોસ્ટ્રેશન જોવા આજે જ સ્થળ પર પધારો

**શ્રી આશાપુરા ટીમ્બર એન્ડ ફર્નીચર**

માણેકપરા, લાતીબજાર, અમરેલી, ફોન (૦૨૭૯૨) ૨૨૩૭૩૯

**વેચવાની છે**

મારૂતી જીપ્સી વેચવાની છે
મોડલ ૧૯૯૬ - ટીપ ટોપ કંડીશનમાં
-: સંપર્ક :- ૯૪૨૭૨ ૩૩૬૯૯ (જેસર)

**હરસ, મસા, ભગંદર, ફિશરની સંપૂર્ણ સારવાર**

૦ શું તમે મળમાર્ગના રોગોમાં નિદાન વગરની જાતભાતની દવા , કેપ્સ્યુલ અને ફાકી લઇ કંટાળી ગયાછો ? ૦ શું તમે મળમાર્ગમાં થતો દુઃખાવો, લોહી પડવું વગેરે ચિન્હોને સામાસ્ય સમજો છો ? ૦ શું તમે મળમાર્ગના રોગો જેવા કે હરસ ,ફિશર અને મસાથી કંટાળી ઓપરેશન કરવવાનું વિચારી રહ્યા છો ? ૦ શું તમે મુંઝવણમાં છો કે તમે ખરેખર મળમાર્ગના કયાં રોગથી પીડાવ છો ? ૦ શું તમે ભગંદર જેવા જટીલ રોગના ઓપરેશનની બીક લાગે છે ?

આ બધી તકલીફોના સાચા જવાબ ,ચોકકસ નિદાન તેમજ નિવારણ માટે અમરેલીમાં અદ્યતન હોસ્પિટલ એટેલે

**ૐકાર એનોરેકટલ કલીનીક**

પહેલામાળે, લીવરપુલ શો -રૂમની બાજુમાં,ભીડભંજન મહાદેવ મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી મો. ૯૮૯૮૭ ૧૩૮૪૧

બહાર ગામના દર્દીઓએ ફોન પર એપોઇન્ટમેન્ટ લઇને આવવું

**દુઃખાવાની સારવાર ઓપરેશન વગર...**

ડો. પ્રકાશ કારેલીયા M.D.

મહિનાના ચોથા શનિવારે અમરેલી

Mahindra

લોન મેલા કમ એક્સચેન્જ મેળો



પાટીદાર ઓટો પ્રાઇવેટ લીમીટેડ




## અમરેલીના ફતેપુર ગામમાં ધારાસભ્યશ્રી પરેશભાઇ ધાનાણીના અથાક પ્રયત્નોથી પુલ માટે સાડા આઠ કરોડની મંજુરીની મહોર બદલ

# હાર્દિક અભિનંદન સહ ખુબ ખુબ આભાર

ફતેપુર ગામના ઠેબી નદીનો ગાયકવાડ વખતના બેઠા પુલને અમરેલીના ધારાસભ્ય માનનીય શ્રી પરેશભાઈ ધાનાણીના અથાક પ્રયત્નોથી રાજય સરકારે મંજુરીની મહોર મારી છે. આથી નીચેના ૧૭ ગામના તમામ ગ્રામજનો શ્રી પરેશભાઈ ધાનાણીને ખુબ ખુબ અભિનંદન આપે છે તથા તેમનો ખુબજ આભાર માને છે. ઘણા સમયથી ૧૭ ગામના લોકો સામા સામા તકલીફ ભોગવતા હતા તે સર્વે શ્રી પરેશભાઈ ધાનાણીના આ ઉમદા કાર્યને હદયથી આવકારે છે. તેમજ ભોજલધામમા દેશ વિદેશથી આવતા હજારો ભકતોમાં ખુશીનો માહોલ છવાય ગયો છે. તેમજ અભિનંદનની વર્ષા થઇ રહી છે.

**-: શુભેચ્છક :-**

| | |
|---|---|
| ભોજલધામ - ફતેપુરના સમસ્ત ગ્રામજનો | વાકીયાના સમસ્ત ગ્રામજનો |
| ચાપાથળના સમસ્ત ગ્રામજનો | દેવરાજીયાના સમસ્ત ગ્રામજનો |
| વિઠલપુરના સમસ્ત ગ્રામજનો | સાજીયાવદરના સમસ્ત ગ્રામજનો |
| પીઠવાજાળના સમસ્ત ગ્રામજનો | મેડીના સમસ્ત ગ્રામજનો |
| તરક તળાવના સમસ્ત ગ્રામજનો | તરવડાના સમસ્ત ગ્રામજનો |
| કેરીયા ચાડના સમસ્ત ગ્રામજનો | સરંભડાના સમસ્ત ગ્રામજનો |
| રાજસ્થળી શંભુપરાના સમસ્ત ગ્રામજનો | ચાડીયાના સમસ્ત ગ્રામજનો |
| ખડ ખંભાળીયાના સમસ્ત ગ્રામજનો | ગોપાલગ્રામના સમસ્ત ગ્રામજનો |